અરજી આપ્યા તારીખ: ૧૦–૦૮–૨૦૧૫
હુકમ તારીખ: ૩૧ –૦૩–૨૦૧૮
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૨ ૦૭ ૨૧

**IN THE 2nd ADDITIONAL CIVIL & J.M.F.C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 164 OF 2015.**

**Plaintiff :**

જયંતિભાઈ મણીભાઈ પટેલ,
રહે. મગણાદ, તા. જંબુસર, જી. ભરુચ.

**VERSUS**

**Defendant :**

મગનભાઈ તળશીભાઈ પટેલના વારસો..

1. ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલ,
   રહે.રણોલી, તા.જી. વડોદરા.

2. હિતેશભાઈ મગનભાઈ પટેલ,
   રહે.રણોલી, તા.જી. વડોદરા.

3. રાજેન્દ્રભાઈ મગનભાઈ પટેલ,
   રહે. રાંદેર, તા.જી. સુરત.

4. મંજુલાબેન તે મગનભાઈ પટેલની દિકરી,
   રહે. અભોર, તા. પાદરા, જી. વડોદરા.

5. ચંપાબેન તે મગનભાઈ પટેલની દિકરી,
   રહે. રણોલી, તા.જી. વડોદરા.

Appearance:
L. A.MR. N. H. PATEL For Plaintiffs.

L. A. MR. Y. R. PATEL For Defendants.

**— : આંક—૫ લગત હુકમ : —**

૧. વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર—૩૯, રુલ—૧, ૨ તથા કલમ—૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. વાદીની આંક—૫ની અરજીની ટુકમાં હકીકત એવી છે કે,

લોટ—અ :

મોજે મગણાદ, તા. જંબુસરની સીમમાં ખાતા નં. ૯૨૩, બ્લોક નં. ૩૧૩, હે. આરે. ચો.મી. ૦—૭૪—૮૭, આકાર રુ. ૧૩—૧૯થી મિલ્કત આવેલી છે, જેની ચતુર દિશા નીચે મુજબ છે.

પૂર્વે : બ્લોક નં. ૩૩૦થી ગોવિંદભાઈ મેલાભાઈની જમીન આવેલી છે.

પશ્ચિમેઃ ઢાઢર નદી આવેલી છે.

ઉત્તરે : બ્લોક નં. ૩૩૬થી પટેલ કેતનભાઈ મોતીભાઈના વારસોની જમીન છે.

દક્ષિણે : બ્લોક નં. ૩૧૪ની મનહરભાઈ અંબાલાલ પટેલની જમીન આવેલી છે.

લોટ—બ :

મોજે મગણાદ, તા. જંબુસરની સીમમાં ખાતા નં. ૯૨૩, બ્લોક નં. ૩૭૬, હે. આરે. ચો.મી. ૦—૮૧—૯૫, આકાર રુ. ૮—૪૪થી મિલ્કત આવેલી છે, જેની ચતુર દિશા નીચે મુજબ છે.

પૂર્વે : બ્લોક નં. ૩૭૭/અ અને ૩૭૭/બથી પટેલ રમેશભાઈ શનાભાઈની જમીન આવેલી છે.

પશ્ચિમેઃ બ્લોક નં. ૩૭૫ની મગનભાઈ તળશીભાઈના વારસોની જમીન છે.

ઉત્તરે : રેલ્વે લાઈન છે.

દક્ષિણે : બ્લોક નં. ૩૭૯ની મંગળભાઈ મહીજીભાઈની જમીન આવેલી છે.

ઉપર પેરા—૧માં જણાવેલ ખેતીની જમીનો વડીલોપાર્જીત છે, સદર જમીનો તેઓના બાપ દાદાની આવેલી હતી અને છેલ્લે આ જમીનના માલીક અને કબજેદાર વાદી બનેલા છે, ગામ નમુના નં. ૭માં વાદી માલીક હોય માલીક તરીકે નામ ચાલે છે તેમજ ગામ નમુના નં. ૧૨માં વાદીના કબજામાં હોય કબજેદાર તરીકે વાદીનું નામ ચાલે છે, સદર જમીન વાદી જાતે ખેડી ગગડી તેમાં તુવેર, કપાસ વિગેરે પાક લે છે, આ જમીનો વાદી તથા વાદીના ભાઈ કનૈયાલાલ મણીભાઈ પટેલની અગાઉ સંયુકત માલીકીની

ખાતા નં. ૨૪૭થી ચાર જમીનો આવેલી હતી, તે પૈકી દાવાવાળી જમીન વાદીના હીસ્સે આવતા વાદીનું નામ માલીક અને કબજેદાર તરીકે દાખલ થયેલ છે, સદર જમીનોનો વેરો પણ વાદી ભરે છે, દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓને કોઈ હકક હીત કે સબંધ નથી તેના કબજામાં નથી, પ્રતિવાદી નં. ૧ થી ૩ વાદીના પિતા મણીભાઈ તળશીભાઈના મર્હુમ ભાઈ મગનભાઈ તળશીભાઈના દીકરાઓ છે અને પ્ર તિવાદી નં. ૪ અને ૫ દીકરીઓ છે, ભાઈઓ વહેંચણમાં દાવાવાળી જમીન વાદીના હીસ્સેઆવેલ છે, જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં પડેલી છે અને પ્રમાણીત થયેલી છે, સદર હકીકત હોવાછતાં પ્ર તિવાદીઓએ આ જમીન અન્વયે તા. ૨૨–૭–૧૫ના રોજ વાદીના માલીકીપણાનો ઈન્કાર કરેલો અને વાદીના કબજામાં બળજબરીથી ઘુસી જઈ કબજો કરી લેવાની ધમકી આપેલી. જો પ્રતિવાદીઓતેમની બુરી નેમમાં ફાવી જાય તો વાદીઓને એવું નુકશાન થવા સંભવ છે કે જેનો બદલો પૈસામાં મળી શકે નહી, જેથી વાદીઓએ જાથુનો મનાઈહુકમ મેળવવાનો હાલનો દાવો કરી દાવા દરમ્યાન કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે હાલની અરજી આપેલ છે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં છે, હાલમાં પ્રતિવાદીઓની દાનત ભ્રષ્ટ થયેલી છે, ઉલટાનું પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી.

૨. સદર દાવા અરજી તા આંક–૫ની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં પ્રતિવાદીઓએ તેમના વિ.વ.શ્રી વાય. આર. પટેલ મારફત હાજર થઈ વાદીની દાવા તથા દરમ્યાન મનાઈઅરજી વિરુઘ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૬થી રજુ કરી જણાવેલ છે કે, પેરા–૧માં જણાવેલ જમીનોની વિગત સામે તેઓને કોઈ ખાસ તકરાર નથી, પેરા–૨, ૩માં જણાવેલી હકીકતો સત્યથી વેગળી હોઈ તેઓને કબુલ મંજુર નથી તેમજ પેરા–૪ અને ૬ની હકીકતોતે તેઓ પડકારે છે અને ખોટી હોય તેનો ઈન્કાર કરે છે, વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં હોવાની હકીકત ખોટી છે. આથી જો વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં આવે તો તેઓને કાયદેસરના માલીકી હકકમાંથી હાથ ધોવા પડે તેમ છે તથા ના ણા માં બદલો ન મળે તેવું નુકશાન થવા સંભવ છે, વાદીઓની દાનત ભ્રષ્ટ છે, ૪૬ વર્ષ સુધી વાદીઓનું જમીનોમાં મૌન જ પુરવાર કરે છે કે, તેઓ જ વિવાદી જમીનના કાયદેસરના માલીક છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદીઓએ વાદીની આંક–૫ની દરમ્યાન મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા વિનંતી કરેલ છે.

આ સિવાય પ્રતિવાદીઓ તરફે આંક–૧૮થી જવાબ દાવા અરજી રજુ કરવામાં આવેલ છે, તે જવાબ દાવામાં પ્રતિવાદીઓ જણાવે છે કે, મગનભાઈ તળશીભાઈ પટેલના જુના ખાતા નં. ૨૧૨ સંદર્ભની માહિતી આપેલ છે. એન્ટ્રી નં. ૨૯૫૯, તા. ૪–૯–૫૬ના રોજ અવિભકત સંયુકત કુટુંબના સભ્યો પૈકી મણીભાઈ તળશીભાઈના નામે સર્વે નં. ૧૮૦/૩ જમીન વેચાણથી લીધેલ હતી અને ૧૯૫૬ સુધી આ પ્રકારે અવિભકત કુટુંબના સભ્યો પૈકી જુદા જુદા સભ્યોના નામે મિલકતો ખરીદ કરેલ છે, આ તમામ સંયુકત જમીી તા. ૪–૪–૬૮ના રોજ વહેંચણી કરવા આમેજ એકત્રિત કરી નવેસરથી તમામ ખાતેદારોની પરસ્પર સહમતિ કબુલાતચથી જ તેના નામ જોગ લાગુ પડતા જે તે સર્વે નંબરો દીઠ વહેંચાયેલ છે, જે મુજબ આ સર્વે નંબર એટલે કે ૧૮૦/૩ની જમીન મગનભાઈ તળશીભાઈ પટેલને તેમના ભાગે એટલે કે હીસ્સે મળેલી છે, જે એન્ટ્રી તા. ૪–૪–૭૯, નં. ૪૪૨૭થી ગામના નમુના ન. ૬ ખાતે થયેલ, પરંતુ તે એન્ટ્રી અપડેટ કરેલ હોવાછતાં તેમના કાકા યાને મણીભાઈ તળશીભાઈ તેમા મળતીયાઓ મારફતે આ રેકર્ડમાં ચેકછાક કરી–કરાવીને જુની એન્ટ્રી જુના નામે જ એટલે કે મણીભાઈ તળશીભાઈના પોતાના નામે જ ચાલું રાખી–રખાવેલ હોવાનું માલેમ પડે છે. એન્ટ્રી નં. ૩૪૦૨, તા. ૨૭–૪–૬૧ના રોજ અવિભકત સંયુકત કુટુંબના સભ્યો પૈકી શીવાભાઈ મળશીભાઈના નામે સર્વે નં. ૨૧ ૦ વાળી જમીન વહેંચણથી લીધેલ હતી, આ જમીન તા. ૪–૪–૬૮ના રોજ વહેંચણી કરવા આમેજ એકત્રિત કરી નવેસરથી તમામ ખાતેદારોની પરસ્પર સહમતી કબુલાતથી બે ભાગ કરી ૬ એકર ૨૨ ગુંઠા પૈકી ૪ એકર ૨૨ ગુંઠા શનાભાઈ તળશીભાઈના નામે અને ૨ એકર મગનભાઈ તળશીભાઈના નામે વહેંચલાવામાં આવેલ હતી, આમ સર્વે નં. ૨૧૦ના બે ભાગ થતાં ૨૧૦ પૈકી એવા શબ્દ ઉલ્લેખથી ૪ એકશ્ર ૨૨ ગુંઠા શનાભાઈ તળશીભાઈના નામે અને ૨ એકર મગનભાઈ તળશીભાના નામે વહેંચવામાં આવેલ, જે એન્ટ્રી નં. ૪૪૨૭ તા.૪–૪–૬૮માં સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે. તા. ૪–૪–૬૮ના રોજ કાયદેસરની વહેંચણી થયા બાદ મગનભાઈ તળશીભાઈ પટેલના ભાગે એટલે કે હિસ્સે મળેલી જમીનનો નવો ખાતા નં. ૨૧૨ મુજબ રેવન્યું રેકર્ડ ઉપર લઈ ખાતેદાર મજકુરને અઘ્યતન એન્ટ્રીઓ સાથેની સંપુર્ણ વિગતો સાથે ખેડુત ખાતાવહી (લાલ ચોપડી) બનાવી આપવામાં આવેલ છે. આ મુજબ અન્ય તમામ ખાતેદારોને જે તે સમયે જ જેને તેને લાગુ પડતી સંપુર્ણ વિગતો સાથે ખેડૂત ખાતાવહી (લાલ ચોપકડી) આપવામાં આવેલ છે જ. મગનભાઈ તળશીભાઈ પટેલની ખેડૂત પોથીમાંસ ને ૧૮૬૮–૬૯થી સને ૧૯૭૧–૭૨ સુધીના વર્ષની મહેસુલ, વેરા વિગેરેની ચુકવણી કર્યા બદલની રસીદના નંબરોની સહિત ચુકવેલ રકમોની નોંધ અલગ અલગ પાન નંબર ઉપર વર્ષવાર નોંધેલી મોજુદ છે., વાદીને સદર પ્રશ્ન

સંદર્ભે ખાતાવહી રજુ કરવા જણાવ્યું હોવાછતાં તેઓ તેમની બુરી નેમને કારણે રજુ કરતા નથી. વાદી મજકુરે તેઓના દાવામાં લેખીત સોગંદનામું કરી કબુલ કરેલ છે કે, તેઓ પ્રતિવાદીઓ પાસે પ્રશ્નવાળી જમીનોનો મગનભાઈ તળશીભાઈ પટેલના નામ જોગ જુનો રેવન્યું રેકર્ડ ઉપલબ્ધ છે અને પ્ર તિવાદીઓએ તેઓને બતાવેલ છે. વાદી મજુકરે ૧૯૯૦થી મહેસુલની રસીદની નકલ બિડેલ છે, જયારે વર્ષ–૧૯૬૮થી ૧૯૮૯ સુધીનો મહેસુલી ચુકવાણાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી, વાદીના દાવાના મુદ્દા નં. ૪ અંગે જણાવવાનું કે, તા. ૧૪–૯–૦૯ સુધી એટલે કે વાદીના પિતા મણીભાઈ તળશીભાઈ અવસાન પામ્યા ત્યાં સુધી કોઈ પ્રશ્નો વાદીએ ઉઠાવેલ નહીં. આમ સદર જવાબ દાવા રજુ કરી પ્રતિવાદીએ નામ. કોર્ટ સમક્ષ દાદ માંગેલ છે કે,

(૧) દાદના 'અ'માં લખેલ હકીકત જેવી કે માલીક હોવાની જાહેરાત અંગે તેઓ પ્રતિવાદી વિરોધ કરે છે તથા દાદને પડકારે છે.

(૨) દાવાના 'બ'માં દર્શાવેલ હકીકત અન્વયે વાદીને કોઈ કાયદેસરનો હકક જ નથી. ઉલટાનું વાદીના પિતાએ અમારી સાથે કરેલ છેતરપીડીવાળી જમીનો ઉપર તેઓ પ્રતિવાદીને કાયદેસર હકક જાહેર કરવા નમ્ર અરજ છે.

(૩) સમગ્ર દાવો તથા માંગેલ દાદ માત્ર ને માત્ર ફ્રોડના પાયા ઉપર હોઈ, વાદીનો દાવો તથા મનાઈ હુકમ હેવી કોસ્ટ સાથે રદ કરવા નમ્ર અરજ છે.

(૪) આમ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય દાદ અપાવશોજી.

(૫) ૪૬ વર્ષ સુધી વાદીના પિતા તથા વાદી ગુનાહીત મૌન રહયાં એટલે કે સદર દાવાને લીમીટેશનનો બાધ નડે છે, અર્થાત લીમીટેશનના કાયદા હેઠળ પ્રથમ દર્શનીય રીતે રદ થવા પાત્ર હોઈ, તથા કાયદાની ભાષામાં ટકવાપાત્ર ન હોઈ, સદર દાવો રદ કરવા નમ્ર અરજ છે.

(૬) દાવાનો તમામ ખર્ચ વાદી પાસેથી અપાવશોજી.

(૭) સદર દાવામાં જરુર પડે તેમાં સુધારો વધારો કરવાનો તેઓ પ્રતિવાદીઓએ હકક ઉભો રાખેલ છે.

૨(એ).ત્યારબાદ વાદી તરફથી આંક–૨૩થી કાઉન્ટર સોગંદનામું રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર કામે પ્રતિવાદીએ ચાર સોગંદનામા રુ. ૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી મારફતે સહીસિકકા કરાવી રજુ કરેલા છે. આ સોગંદનામા કરનારાઓ જંબુસર શહેરમાં આવી નોટરી સમક્ષ સહી કરી શકે તો કોર્ટમાં સોગંદનામું કરવા કેમ ના અ ાવી શકે, સ્ટેમ્પ પેપર ઉપર એટલા માટે

સોગંદનામા કરાવેલ છે જે તેઓની ઉલટતપાસની માંગણી તેઓ વાદી કરી શકે નહીં, મનહરભાઈ અંબાલાલ પટેલ તેમના પાડોશ છે અને દિનેશભાઈ શનાભાઈ પટેલ, વજેસંગ નટવરસંગ રાજ અને ઘનશ્યામભાઈ મોતીભાઈ પટેલ તેમના ગામના છે અને ખેતર પાડોશી છે અને પ્રતિવાદીઓ પૈસાપાત્ર હોય તેમને ખુશ કરવા નોટરી સમક્ષ સોગંદનામું કરવા આવેલા છે, દાવાવાળી મિલકતના તેઓ વાદી માલીક હોય ગામના નમુના નં ૭×૧૨માં માલીક તરીકે વાદીનું નામ ચાલે છે, ખેડહકકમાં પણ તેઓનું નામ ચાલે છે, તેની વિરુધમાં બોલવા તેમને કોઈ અધિકર નથી. રેવન્યું રેકર્ડમાં રેવન્યું અધિકાર કર ઉઘરાવવા તૈયાર કરતા હોય છે, દાવાની તારીખે આ મિલકતના માલીક અને કબજેદાર તેઓ વાદી છે, એકત્રિકરણ સ્કીમ અમલમાં આવતા એકત્રિકરણ અધિકારીએ વાદીનો કબજો હોય વાદીનું નામ દાખલ કરેલ છે, તે વિરુધ્ધ પ્રતિવાદીઓએ કોઈ અપીલ કે રીવીઝન કરેલ નથી, જુની એન્ટ્રીઓ રજુ કરી પ્રતિવાદી ભુતકાળની હકીકત દર્શાવવા માંગે છે, દાવાની તારીખે કોનો કબજો છે, તે જોવાનું હોય દાવાની તારીખે સદર મિલકતોનો કબજો તેઓ વાદીનો છે, તેને રક્ષણ આપવા અરજ ગુજારેલ છે.

૩. આ કામે વાદી તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૩/૧થી ખાતા નં. ૯૨૩ની ગામના નમુના નં. ૮–અની નકલ,

(૨) નિ. ૩/૨થી બ્લોક નં. ૩૧૩ની ગામના નમુના નં. ૭×૧૨ની નકલ,

(૩) નિ. ૩/૩થી બ્લોક નં. ૩૭૬ની ગામના નમુના નં. ૭×૧૨ની નકલ,

(૪) નિ. ૩/૪થી ખાતા નં. ૨૪૭ની ગામના નમુના નં. ૮–અની નકલ,

(૫) નિ. ૩/૫થી ફેરફાર નોંધ નં. ૨૯૫૭ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૬) નિ. ૩/૬થી ફેરફાર નોંધ નં. ૪૪૨૭ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૭) નિ. ૩/૭થી ફેરફાર નોંધ નં. ૫૫૮૬ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૮) નિ. ૩/૮થી ફેરફાર નોંધ નં. ૫૫૯૯ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૯) નિ. ૩/૯થી ફેરફાર નોંધ નં. ૮૦૮૮ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૧૦) નિ. ૩/૧૦થી ફેરફાર નોંધ નં. ૯૦૮૩ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૧૧) નિ. ૩/૧૧થી ફેરફાર નોંધ નં. ૯૦૬૬ની ગામના નમુના નં. ૬ની નકલ,

(૧૨) નિ. ૩/૧૨થી ફેરફાર નોંધ નં. ૧૦૦૧૮ની ગામના નમુના નં. ૬ની નકલ,
(૧૩) નિ. ૩/૧૩થી ફેરફાર નોંધ નં. ૧૦૦૧૯ની ગામના નમુના નં. ૬ની નકલ,
(૧૪) નિ. ૩/૧૪થી
નિ. ૩/૪૫ સુધી મહેસુલ ભર્યાની રસીદો.

૪. આ કામે પ્રતિવાદીઓ તરફથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૨૧/૧થી આજુબાજુનાં ખેડુત ખાતેદારોની એફીડેવીટ નંગ–૪
(૨) નિ. ૨૧/૨થી ૧૯૬૧–૬૨ની ૭×૧૨ની નકલ,
(૩) નિ. ૨૧/૩થી હકકપત્રકની નોંધ નં. ૪૪૨૭ની નકલ,
(૪) નિ. ૨૧/૪થી ગામ નમુના ૮–અની તા. ૧૧–૪–૭૨ની નકલ,
(૫) નિ. ૨૧/૫થી સરકારી મંડળીના ધીરણની નં. ૬માં નોંધ પાડેલી તેની નકલ.
(૬) નિ. ૨૭/૧થી ખેડુત પોથીની ઝેરોક્ષ,
(૭) નિ. ૨૭/૨થી નમુના નં. ૮–અનો વષ" ૧૯૭૧–૭૨ના દાખલાની નકલ,
(૮) નિ. ૨૭/૩થી એકત્રીકરણ નવેસરથી ફરી કરાવના હુકમની ખરી નકલ,
(૯) નિ. ૨૭/૪થી એકત્રીકરણ ફરીથી કરેલ, પરંતુ ચેકચાર અવ્યવસ્થિતની નકલ.

૫. આ કામે વાદી તરફે આંક–૨૪થી તથા આંક–૨૯થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી. જગ્યાએ પ્રતિવાદીઓ તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળી ઘ્યાનમાં લેવામાં આવેલ છે.

૬. પક્ષકારોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલિલો તથા તે સાથે નામ. સર્વોચ્ચ અદાલતના Maria Margadia Sequeria .vs Erasmo Jack De Sequeria (D)...on 21 March, 2012 'REPORTABLE' IN THE SUPREME COURT OF INDIA CIVIL APPEAL NO. 2968 OF 2012, આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) આંશિક હકારમાં.

(૨) આંશિક હકારમાં.

(૩) આંશિક હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ

**:કારણો:**

૮. ઉપરોકત ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે સંભળાયેલાં હોય ત્રણેય મુદ્દાઓનો નિર્ણય એકસાથે કરવામાં આવેલ છે.

૯. વાદીએ આ દાવામાં મુખ્યત્વે આ તકરાર લઈને આવેલા છે કે, હાલમાં તકરારી મિલકત તેમના નામે આવેલ છે અને તેસ બંધમાં નિ. ૩/૧થી નિ. ૩/૩ સુધી દાવાવાળી મિકલતોનો ૮–અ તથા ૭×૧૨ના ઉતારાં રજુ કરેલ છે. તે દસ્તાવેજોમાં કબજેદારના કોલમમાં વાદીનું નામ જણાઈ આવેલ છે. વધુમાં વાદીએ એવું જણાવેલ છે કે, બ્લોક નં. ૩૧૩, જુનો નંબર ૧૮૦/૬ તથા ૧૮૦/૩ હતો તથા બ્લોક નં. ૩૭૬ જેનો જુનો સર્વે નં. ૨૧૦/૧ હતો, સદરહું મિલકતો ખેતીની વડીલોપાર્જીત મિલકતો છે, પરંતુ જુના નં. ૧૮૦/૬ તથા ૧૮૦/૩ તથા જુનો સર્વે નં. ૨૧૦/૧થી હાલના દાવાવાળી મિલકતના સર્વે નંબર લખેલા છે, તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં વાદીએ એવું જણાવેલ છે કે, સદરહું જમીન ઉપર તેમનો કબજો આવેલ છે તથા એવું પણ જણાવે છે કે દાવાવાળી જમીન તેમના નામે આવેલ છે તથા લેન્ડ રેવન્યુ એકટની કલમ–૧૩૫ મુજબ તેમના પક્ષમાં ઉપધારણ થાય છે, પરંતુ આ ઉપધારણ અંડન કરવા યોગ્ય ઉપધારણ હોય છે. આ સિવમાય તેઓએ જણાવેલ છે કે,

પ્રતિવાદીના જણાવ્યા મુજબ તથા નિ. ૩/૫ના દસ્તાવેજ મુજબ જુનો સર્વે નં. ૧૮૦/૩ની જમીન વાદીના પિતાએ તા.૪–૯–૫૬ના રોજ વેચાણ લીધેલી છે, તેથી પણ આ સાબિત થાય છે કે, આ જમીન વાદીના પિતાની હતી અને ત્યારબાદ તેમના હકક હીસ્સામાં આવેલી હોય, જેથી તેઓ આ મિલકતમાં હકક હિસ્સો ધરાવતા હોય છે. આ સબંધમાં વાદી તરફથી કોઈપણ પ્રકારના વેચાણ લેખ રજુ કરવામાં આવેલ નથી તથા પ્રતિવાદીએ આ સબંધમાં એવું જણાવેલ છે કે, આ મિલ્કત સર્વે નં. ૧૮૦/૩, તા. ૪–૯–૧૯૫૬ના રોજ અવિભકત સંયુકત કુટુંબના સભ્યો પૈકી મણીભાઈ તળશીભાઈના નામે લીધેલી છે તથા આ સિવાય બીજી જમીનો પણ અવિભકત કુટુંબના સભ્યો પૈકી જુદા જુદા સભ્યોના નામે મિલકતો ખરીદ કરેલ છે. આમ જે વિગતો વાદી લઈને આવેલા છે અને પ્રતિવાદીઓ જે તકરાર લઈને આવેલા છે, તે વધુ પુરાવાનો વિષય બની રહે છે. હાલના તબકકે માત્ર ને માત્ર રેવન્યુ રેકર્ડ અત્રેની કોર્ટની સમક્ષ રજુ થયેલા છે અને ફકત રેવન્યું રેકર્ડથી કોઈ માલિકના હકક ઉપન્ન થતાં નથી. આ સિવાય વાદી જણાવે છે કે, ખાતા નં. ૨૪૭ની દાવાવાળી જમીનો સિવાય બીજી જમીનો પણ આવેલી હતી તથા તે જમીનોના પુર્વ માલિક તેમના પિતા મણીભાઈ હતા અને તેમના મરણ પામ્યા પછી સદરહું જમીનો મણીભાઈના વારસોના નામે આવેલી તથા ત્યારબાદ વાદીના નામે આવેલી છે. તે સબંધમાં તેઓએ નિ. ૩/૪ તથા નિ.૩/૯થી લઈને નિ. ૩/૧૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. જેથી દાવાવાળી જમીનો ઉપર તેમનો કબજો સાબિત થાય છે, આ સબંધમાં પ્રતિવાદી એવું જણાવેલ છે કે, વાદી તરફથી રજુ થયેલ નિ. ૩/૬નો દસ્તાવેજ વંચાણે લઈએ તો દાવાવાળી જમીનો સાથે બીજી જમીનોની પણ વહેંચણી વાદી તથા પ્રતિવાદીઓના વડીલો વચ્ચે થઈ ગયેલી હતી અને તે મુજબ જુના સર્વે નં. ૧૮૦/૩ તથા ૨૧૦ પૈકી ક્ષેત્રફળ ૨–૦ની જમીનો પ્રતિવાદીઓના પિતા મગનભાઈ તલશીભાઈના નામે તા. ૪–૪–૬૮ના રોજ આવેલી છે અને તે દિવસથી જ વાદી તથા પ્રતિવાદીઓ પોત–પોતાના હિસ્સા ઉપર કબજેદાર છે અને દાવાવાળી જમીનો નિ. ૩/૬ વાળા દસ્તાવેજ મુજબ તેમના હકક હિસ્સા તથા કબજામાં આવેલ છે. આ સિવાય નિ. ૨૧/૪ના દસ્તાવેજ સને ૧૯૭૧–૭૨ના ગામ નમુના નં. ૮–અના ઉતારા મુજબ તથા નિ. ૨૭/૧થી રજુ થયેલ ખેડ્રત ખાતાવહી મુજબ દાવાવાળી જમીન તેમના નામે આવી ગઈ છે, પરંતુ ત્યારબાદ એકત્રિકરણના સમયે વાદીએ તે સમયના તલાટી કમ મંત્રી સાથે મેળાપીપણામાં નં. ૬ના રેકર્ડમાં ચેકચાક કરી રેકર્ડ સાથે ચેંડા કરેલ છે તથા જેના આધારે તેમના ૭–૧૨ના ઉતારમાં આવેલ છે તથા આ સિવાય પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતોના આજુબાજુના ખેતરોના માલીકોના સોગંદનામાં પણ રજુ કરેલા છે. આમ બન્ને પક્ષકારો રેવન્યું રેકર્ડ આધારે પોતપોતાની માલિક અને કબજા

અંગે વિગત લઈને આવેલા છે, રંતુ આ સુસ્થાપિત સિધ્ધાંત છે કે અને તે બાબતે કોઈ તકરાર પણ નથી કે રેવન્યું એન્ટ્રી એ મિલકત પરત્વેના અધિકારો કે ટાઈટલ નકકી કરવા કે રેવન્યું એન્ટ્રી તે મિલકત પરત્વેના અધિકારો કે ટાઈટલ નકકી કરવા માટે નિર્ણાયક પુરાવો નથી, તે માત્ર મહેસુલી ઉદ્દેશથી કરાતી એન્ટ્રીઓ છે. બન્ને પક્ષકારો તરફે રેવન્યું રેકર્ડ સિવાય એવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જે એવું સાબિત કરે કે, દાવામાં દર્શાવેલ મિલકતો વાદી કે પ્રતિવાદીઓના કબજમાં આવેલી હોય, પુરાવાની ગેરહાજરીમાં, માત્ર રેવન્યું રેકર્ડમાં વાદી કે પ્રતિવાદીઓના નામ ચાલતું હોય તે દાવાવાળી જમીનો તેમના કબજામાં છે, તેવું માનવા " કોન્કલ્યુસીવ પ્રુફ" ગણાય નહી.

૧૦. આ સિવાય આ કામે વાદી એમ કહેતા હોય કે દાવાવાળી જમીનો ઉપર તેમનો કબજો છે અને પ્ર તિવાદી જોએમ કહેતા હોય કે તેમનો કબજો છે, પરંતુ આ કામે બન્ને પક્ષકારોમાંથી એકપણ પક્ષકારે દાવાવાળી જમીનની સ્થળસ્થિતિ માટે પંચનામું કરાવેલ નથી. જો દાવાવાળી જમીનનું પંચનામું થયેલ હોત તો જમીનની સ્થળસ્થિતિ શું છે તે જાણી શકાત, પરંતુ તેમણે તેમ કરાવેલ ના હોય આ કામે પુરાવો લીધા સિવાય કોનું પજેશન દાવાવાળી જમીન ઉપર આવેલ છે તે સાબિત થઈ શકે તેમ નથી. આ કામે પુરાવાના અંતે વાદીનો કબજો સાબિત થાય અને પ્રતિવાદીઓ જો દાવાવાળી જ મીન વાદીઓ પાસેથી પડાવી લે તો વાદીને નાણામાં માપી ન શકાય તેવું નુકશાન જાય અને જો પ્રતિવાદીઓ કહે છે તેમ દાવાના અંતે તે જણાવે છે તેમ તેમનો કબજો સાબિત થાય અને જો વાદીને માંગ્યા મુજબ મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને નુકશાન થાય અને ત્યારબાદ જો આ તકરાર ચાલું રહે તો અનેક દાવા–દૂવી ઉભાં થાય. હાલના તબકકે સામાન્ય એવી તકરાર ખૂબ જ ગુંચવણભરી બની જાય અને પલ્ટી પ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ ઉભાં થાય, જે આધારે રેવન્યું રાહે પણ અનેક તકરારોનો જન્મ થાય તેવી તમામ શકયતાઓ રહે છે. આમ જયારે બન્ને પક્ષકારો તરફે મધ્ય કબજાને લઈને તકરારો ઉભી થયેલ છે તે સ્થિતિમાં આ હકીકત જોતાં આ દાવાનો પુરાવો લઈ બન્ને પક્ષકારોની રજુઆતો સાંભળી પુરાવાના અંતે કોઈ આખરી હુકમ કરવામાં ના આવે ત્યાં સુધી દાવાવાળી જમીનનો યથાવત્ સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કવાથી ન્યાયનો હેતુ સરશે તેવું જણાય છે. આથી માત્ર તેટલા અંશે વાદીની અરજી મંજુર થવા પાત્ર હોય, જેથી મુદ્દા નં. ૧થી ૩નો જવાબ તે મુજબ આંશિક હકારાં આપી મુદ્દા નં. ૪ પરત્વે હું નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## : **હુ ક મ** :

(૧) વાદી તથા પ્રતિવાદીઓને હુકમ ફરમાવવામાં આવે છે કે, આ દાવાના કામે આખરી હુકમ ન થાય ત્યાં સુધી દાવાવાળી જમીનની યથાવત્ર પરિસ્થિતિ જાળવી રાખવી.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧–૦૩–૨૦૧૮
સ્થળઃ જંબુસર

(સુનીલ કુમાર શર્મા)
બીજા વધારાના સીવીલ સીવીલ જજ,,
જંબુસર.
કોડ નં. જીજે ૦૧૩૪૯